ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર
અને આઈ.આઈ.આઈ.એમ. અમદાવાદ પ્રેરિત
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર આયોજિત
જીલ્લા કક્ષાનો

## એજ્યુકેશનલ ઈનોવેશન ફેર

# નવાચાર

પ્રેરણા


**શ્રી સી. ટી. ટુંડિયા**
પ્રાચાર્ય
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

**ડૉ. ટી. એસ. જોષી**
નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર.


સંપાદન


**ડૉ. પંકજ આઈ. પરમાર**
સિનિયર લેક્ચરર અને ડિસ્ટ્રીક્ટ ઈનોવેશન સેલ કો.ઓ.
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર.


**તારીખ : 28-29 જાન્યુઆરી, 2016**

GCERT Gandhinagar

DIET — Dist. Insti. of Edu. & Training Surendranagar

विद्याविनियोगाद्विकासः
IIM AHMEDABAD

Scanned with OKEN Scanner

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર
અને આઈ.આઈ.આઈ.એમ. અમદાવાદ પ્રેરિત
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર આયોજિત
જીલ્લા કક્ષાનો

# એજ્યુકેશનલ ઈનોવેશન ફેર

# નવાચાર

પ્રેરણા

**શ્રી સી. ટી. ટુંડિયા**
પ્રાચાર્ય
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

**ડૉ. ટી. એસ. જોષી**
નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર.

સંપાદન

**ડૉ. પંકજ આઈ. પરમાર**
સિનિયર લેકચરર અને ડિસ્ટ્રીક્ટ ઈનોવેશન સેલ કો.ઓ.
જીલ્લા શિક્ષણ અને

**તારીખ : 28-29 જાન્યુઆરી, 2016**

Scanned with OKEN Scanner

## સહયોગ

| | | | |
|---|---|---|---|
| શ્રી હરેશ બી. ગુર્જર<br>ખમીસણા પ્રા. શાળા<br>વઢવાણ | શ્રી નીલેશ જી. ગજ્જર<br>નળિયા પ્રા. શાળા<br>મુળી | શ્રી મનીશ ઝેડ. કમેજળીયા<br>દૂધરેજ શાળા નં.૨<br>વઢવાણ | શ્રી ગોવિંદભાઈ<br>એસ. કુકડિયા<br>શાળા શા. નં. ૧૭<br>વઢવાણ |



Scanned with OKEN Scanner

**સારસ્વત ભાઈઓ–બહેનો,**

**નવાચારથી નવતર તરફ...**

ગુજરાત રાજયની પ્રાથમિક શાળઓમાં અનેકાનેક નવતર પ્રયોગો થઈ રહયાં છે. શિક્ષણ વિભાગ – ગુજરાત સરકાર અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ – ગાંધીનગર દ્વારા એન નવા અભિગમથી આપણે શિક્ષકના કામને બીરદાવવા માટેનો એક પ્રયત્ન એટલે 'Innovation Fair' (પ્રથમ) યોજી રહયા છીએ.

સમગ્ર રાજયમાં નવતર પ્રયોગો કરવા માટેનું એક યોગ્ય વાતાવરણ ઊભું કરવા માટે રાજયના તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં 'ઈનોવેશન સેલ'ની રચના કરવામાં આવી છે. જુદા જુદા જિલ્લાઓમાં નવતર પ્રયોગોના વિકાસ માટે કામ કરવાના ઉદ્દેશથી ગુજરાત શૈક્ષણિક નવીનીકરણ આયોગ (GEIC), ગુજરાતુ શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) અને આઈ.આઈ.એમ. (IIM) અમદાવાદના સંયુકત ઉપક્રમે એક કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે.

આપણો જિલ્લો વિવિધ ભૌગોલિક, સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિઓ ધરાવે છે. કયાંક ઊંડાણમાં બેઠેલો શિક્ષક શાળાના વર્ગખંડમાં એક એવું કામ કરે છે કે જેને ઉજાગર કરવાથી સમગ્ર જિલ્લામાં અને રાજયમાં તે નવતર પ્રયોગો પહોંચાડવા માટેનો એક પ્રયાસ એટલે આ ઈનોવેશન ફેર. જે શિક્ષકો નવાચારને અપનાવીને નવતર પ્રયોગો તરફ કામ કરીને શિક્ષણની ગુવવત્તા સુધારવાનું જે ભગીરથ કાર્ય કરે છે તેને વંદન કરવા માટે, નવાજિશ કરવા માટે અને તેના કામને પ્રોત્સાહીત કરવા માટેનો આ કાર્યક્રમ છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરેન્દ્રનગર દ્વારા એક 'ઈનોવેશન સેલ'ની રચના કરવામાં આવી છે. જેના કન્વીનર તરીકે આઈ.એફ.આઈ.સી. શાખના સિનિયર લેકચરર અને District Innovation Co.ordinator ડાં.પંકજ પરમાર સફળ કામગીરી કરી રહયા છે, તેમને બીરદાવું છું. આપણાં જિલ્લાના પચાસેક શિક્ષકોએ જે 'નવાચાર'ને અપનાવેલ છે તેનું ડાંકયુમેન્ટેશન આપની સમક્ષ 'નવાચાર'નો દસ્તાવેજ તરીકે પ્રગટ થઈ રહયું છે ત્યારે શુભકાનાઓ.

'નવાચાર' દસ્તાવેજ અનેક શિક્ષકોને માટે પ્રેરણારૂપ બની રહેશે તેવી શ્રધ્ધા છે. નવાચારનું જયાં કામ થઈ રહયું છે તે તમામ શાળાઓ, તેના વર્ગખંડો અને શિક્ષકો શિક્ષકો માટે તીર્થયાત્રા બની રહે તેવી શ્રધ્ધામૂકી વિરમું છું.

નવાચારમાં નવતર પ્રયોગો કરી રહેલા સૌ શિક્ષકોને વંદન...

**આપનો વિશ્વાસુ,**

સી.ટી.ટુંડિયા

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરેન્દ્રનગર



Scanned with OKEN Scanner

વર્ગખંડથી વિશ્વખંડ સુધી ......

વર્ગખંડમાં શિક્ષકો સ્થાનિક પરિસ્થિતિ અનુસાર અવનવી યુક્તિ પ્રયુક્તિનો ઉપયોગ કરી શૈક્ષણિક કાર્ય કરી રહ્યા - અને શિક્ષણ કાર્યને રસપ્રદ બનાવી રહ્યા છે આ નવતર કાર્યની નોંધ થઇ શકે.છેતેમજ અન્ય ક્લસ્ટર જીલ્લા ,તાલુકા, અને રાજ્યમાં જે તે પરિસ્થિતિ મુજબ તે સમસ્યા નિરાકરણ કે નવતર પ્રયુક્તિનો ઉપયોગ કરી શકે તે હેતુથી વર્ષ .એમ. આઈ.ના વાયબ્રન્ટ સમિટમાં આઈ ૨૦૧૩,અમદાવાદ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ , )પરિષદGCERT ગાંધીનગર અને ગુજરાત શૈક્ષણિક- (નવીનીકરણ આયોગના સંયુક્ત ઉપક્રમે નવતર કાર્ય કરતાં શિક્ષકોને શોધવાનું શરુ કર્યું તે માટે દરેક જીલ્લા કક્ષાએ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન)DIETમાં એક ઇનોવેશન ( જેના થકી સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષણ કાર્યમાં આવતી નાની નાની સમસ્યાનું . સેલની શરૂઆત કરવામાં આવી નિરાકરણ કરતાં શિક્ષકો સુધી પહોચી શકાયુંશિક્ષણમાં રસ લેતા , સતત હાજરી રહે, જેમાં બાળકો નિયમિત બને. મૂલ્ય શિક્ષણ હસ્તાંતરિત થાય તેમજ , સરળતાથી વિવિધ વિષયો શીખી શકે, સમયસર શાળામાં આવતાં થાય, થાય પ્રવૃત્તિ દ્વારા અને પ્રોજેક્ટ દ્વારા શીખી શકે તેવા ધ, ક્રિયા દ્વારાણા નવતર પ્રયોગ શાળામાં થતાં જોવા મળ્યાં જેમાંથી પચાસ નવાચારનો દસ્તાવેજ આપની સમક્ષ મુકતા આનંદની લાગણી અનુભવીએ છીએ.

ઇનોવેશન શું છે ?

અધ્યયન નવતર પ્રયોગ એક એવી પ્રકિયા છે જે . અધ્યાપન પ્રકિયા માટે જરૂરી સામગ્રી કે વાતાવરણનું નિર્માણ - બાળકોના અભ્યાસને પ્રભાવિત કરે આ માટેની કોઈ પ્રવૃત્તિ કે પદ્ધતિને આપણે નવતર પ્રયોગ તરીકે ઓળખીશું . અધ્યયન ચકાસણી માટેનું મૂલ્યાંકન તેમજ કોઈ એવી રીત ઘટના કે ,તેની સમજ અને અર્થગ્રહણ,અધ્યાપન પ્રકિયા - પ્રકિયાથી શિક્ષણમાં સમુદાયની સહભાગીદારીતા વધે અને તેનું ચોક્કસ પરિણામ મળે તેને નવતર પ્રયોગ તરીકે સ્વીકારીશું.

નવતર પ્રયોગના કેવા પ્રકાર હોઈ શકે ?

**વર્ગખંડની અંદર હાથ ધરાયેલકઠિનબિંદુ સરળ રીતે , જેવી કે વિવિધ વિષયોની શૈક્ષણિક ઉપલબ્ધિ સંદર્ભે....... વિદ્ય, શીખવા શીખવવા માટેની સરળ રીત, સહાયક સામગ્રીનું નિર્માણ, સમજાવવા માટેની પ્રવૃત્તિાર્થીના સર્વાંગી વિકાસ માટે જરૂરી પ્રકિયા .**

**વર્ગખંડ બહારની પ્રવૃત્તિબાળકોના નામાંકરણ , બાળક કે શાળાના વિકાસમાં વાલીઓની સહભાગીદારીતા.......જેમ કે... , વિશેસ જરૂરિયાત ધરાવતા બાળકો માટે ઉપયોગી હોય,અને સ્થાયીકરણમાં મદદરૂપ હોયRTE એક્ટના હેતુઓ પુરા કરવામાં મદદરૂપ થતું હોઈ શકે .**

**આપના નવતર પ્રયોગને લખવા માટે .......**

**સમસ્યા કે જરૂરિયાતનું વર્ણન, પ્રેરણા આપનાર વ્યક્તિ કે પ્રસંગ, પ્રકિયાનો વિકાસ અને લીધેલ પગલા, વિચારના અમલ માટેની તબક્કાવાર માહિતી, પ્રયોગકાર્ય અને તેના અસરકારક મુક્યાંકન માટેની વિગત, મળેલ પરિણામ પ્રયોગ કે વિચારની વર્તમાન પરિસ્થિતિ અને તેમાં કરેલ ફેરફારની વિગત**

આપનું ઇનોવેશન ડાયેટ અને આઈએમમાં ફોર્મ ભરી સબમીટ કરી શકાશે તેમજ નીચેની લીંક ઉપર .આઈ. http ઓનલાઈન સબમીટ કરી શકાશે://www.teachersastransformers.org./innovationcell/snagar

ડૉ પરમાર. પંકજ આઈ.
સિનીયર લેકચરર અને જીલ્લા ઇનોવેશન કો.ઓ.,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

| ક્રમ | શિક્ષકશ્રીનું નામ | શાળાનું નામ | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રી પ્રવીણકુમાર વી. આમ્બારીયા | શ્રી રાજપર પ્રાથમિક શાળા, તા. ધ્રાંગધ્રા | 98 797 84033 |
| ૨ | અશોકભાઇ એન.. પરમાર | કટારીયા પ્રાથમિક શાળા,લીમડી | ૯૪૦૮૧૭૦૬૭૪ |
| ૩ | બળવંતભાઈ ગોરધનભાઈ કાલીયા | વીર સહીદ ડી ડી ચૌહાણ પ્રાથમિક શાળા,ટીકર ,મુળી | ૭૪૦૫૪૬૫૮૭૫ |
| ૪ | ભગોરા નિલેશભાઇ કાંતિભાઇ | નવાગામ પ્રાથમિક શાળા,ચોટીલા | ૯૪૨૭૦૮૮૦૧૧ |
| ૫ | શ્રી ભરતભાઈ નરશીભાઈ દેવૈયા | કરણસિંહજી મિડલ સ્કૂલ નંબર-૩,લખતર | 98 252 98/9/ |
| ૬ | રાઠોડ ભુરાભાઈ ધનાભાઈ | વાવડી, પ્રાથમિક શાળા,ચોટીલા | ૯૮૭૯૦૭૪૬૪૦ |
| ૭ | ડાભી જાદવભાઈ ભગવાનભાઈ | સોન્ઠા પ્રાથમિક શાળા,ચુડા | ૯૪૨૮૬૦૫૧૫૭ |
| ૮ | ડેડાસણીયા મગનલાલ જી. | ડેરવાલા પે.સે..લખતર | ૯૭૨૪૫૯૭૯૪૮ |
| ૯ | દિનેશકુમાર રાજાભાઈ રાઠોડ | ચમારજ પે.સે..વઢવાણ | 87 580 058[illegible] |
| ૧૦ | ડૉ. દીપકકુમાર આર. મહેતા | જેપર પ્રાથમિક શાળા,ચુડા | 98 987 31936 |
| ૧૧ | ડૉ . ગોપીબેન એચ . શાહ | ભડિયાદ પ્રાથમિક શાળા, વઢવાણ | ૯૪૨૯૦૫૧૫૬૧ |
| ૧૨ | હરીશ ડી. પ્રજાપતિ | સડલા પ્રાથમિક શાળા, પાટડી | ૯૮૨૫૫૮૦૭૭૭ |
| ૧૩ | જૈમીનીબેન એમ. પટેલ | કળમ પ્રાથમિક શાળા, લખતર | ૮૧૫૫૮૨૦૯૬૧ |
| ૧૪ | મહિપાલસિંહ એસ. જેતાવત | ટીડાણા પ્રાથમિક શાળા, મુળી | ૯૭૧૪૨૧૨૪૭૪ |
| ૧૫ | અશ્વિનકુમાર બી. પટેલ | ભરાડા પે.સે. શાળા , ધ્રાગંધ્રા | ૯૪૨૭૬૬૫૯૭૨ |
| ૧૬ | મીરાબેન પી. ચૌહાણ | રાજપર કન્યા પ્રાથમિક શાળા, વઢવાણ | ૯૯૦૪૬૦૧૧૦૮ |
| ૧૭ | ધ્વનીબેન એ.મેઢા | કુકડા પ્રાથમિક શાળા,મુળી | ૯૪૦૮૮૯૮૨૬ |
| ૧૮ | ગૌતમ કુમાર એમ.પંડ્યા | ઝોબાળા કન્યા શાળા,ચુડા | ૮૪૦૧૭૨૦૧૪૩ |
| ૧૯ | પ્રવિણચંદ્ર એન.સાતુંનીયા | કારેલા પ્રાથમિક શાળા,લખતર | ૯૯૭૯૮૭૭૧૧૮ |
| ૨૦ | રમાબેન કે.પાણકૂટા | પે.સે.શાળા નંબર ૩ ,થાનગઢ | ૯૫૧૦૦૫૦૦૯૨ |
| ૨૧ | ઋષભ બી .શાહ | ચોરવીરા-થાન પે.સે.શાળા ,સાયલા | ૯૦૧૬૬૪૨૬૫૬ |
| ૨૨ | કરસનભાઈ ડી .શાક્ય | દોલતપર પ્રાથમિક શાળા,લીમડી | ૯૯૨૪૧૮૭૩૨૧ |
| ૨૩ | તુષારકુમાર એ.પંચાલ | ઉમાપુર પ્રાથમિક શાળા,સાયલા | ૯૯૭૯૮૭૭૧૧૮ |
| ૨૪ | જયાબેન કે.વેગડા | પાંજવાળી સીમશાળા ,ચોટીલા | ૯૪૦૮૩૬૦૭૭૩ |
| ૨૫ | ગોવિંદભાઈ એસ .કુકડિયા | રામકૃષ્ણ પ્રાથમિક શાળા-૧૭,સુરેન્દ્રનગર | ૯૪૨૬૪૨૧૦૩૩ |
| ૨૬ | આશાબેન એમ.ધોસીયા | ધારૈઇ પ્રાથમિક શાળા-૧ ,ચોટીલા | ૯૯૨૪૯૦૨૬૩૫ |
| ૨૭ | ઘનશ્યામભાઈ એમ. અગોલા | વરસાણી પ્રાથમિક શાળા,લખતર | 99987 03769 |
| ૨૮ | હિતેશ જે .ચાવડા | ઉચ્ચ પ્રાથમિક શાળા-૧૩ ,થાનગઢ | ૯૯૦૪૪૮૪૩૩૬ |
| ૨૯ | જગદીશભાઈ કે.વાળા | રાઈ પ્રાથમિક શાળા,વઢવાણ | ૯૮૨૪૮૧૫૨૧૦ |
| ૩૦ | કનૈયાલાલ એન.પટેલ | પોરડા પ્રાથમિક શાળા,પાટડી | ૯૮૨૪૨૦૮૯૩૨ |
| ૩૧ | લાલજીભાઈ બી.પંચાલ | હાથીપુરા પ્રાથમિક શાળા,પાટડી | ૯૪૨૭૩૨૩૦૪૬ |
| ૩૨ | મુકેશભાઈ સી .મકવાણા | પે.સે.હડાળા ભાલ,લીમડી | ૯૯૯૮૮૫૭૭૭૦ |
| ૩૩ | ભાવનાબેન એ.મેઢા | આર.એ.મણિયાર પ્રાથમિક શાળા-૧, રતનપર | ૯૪૨૮૫૭૧૩૦૦ |



Scanned with OKEN Scanner

| | | | |
|---|---|---|---|
| ૩૪ | ચેતનભાઈ એચ .ચૌહાણ | પીપળીયા -ઢોરાં પ્રાથમિક શાળા,ચોટીલા | ૯૦૩૩૩૨૬૯૭૯ |
| ૩૫ | દુદાભાઈ વણાભાઈ આલ | ઝીંઝુવાડા પ્રાથમિક શાળા,પાટડી | ૯૪૨૭૫૫૦૬૬૭ |
| ૩૬ | ધનેશ ડી.શેઠ | વિરેન્દ્રગઢ પ્રાથમિક શાળા,ધ્રાંગધ્રા | ૯૭૧૪૭૨૪૩૦૦ |
| ૩૭ | ડૉ .ભરતકુમાર એન.નિમાવત | જસાપર પ્રાથમિક શાળા,ચોટીલા | ૯૮૨૫૨૩૩૪૨૧ |
| ૩૮ | રાહુલ આર.ભરવાડ | ભથાણ પ્રાથમિક શાળા,લીમડી | ૮૧૪૦૫૯૫૪૩૭ |
| ૩૯ | અજીતભાઈ એસ .ચાવડા | સોમાસર પ્રાથમિક શાળા,મુળી | ૯૬૬૨૨૯૭૨૯૮ |
| ૪૦ | ઠાકરસીભાઈ બી.ગાબુ | ચુડા શાળા નંબર -૩ | ૯૮૨૫૦૦૫૨૧૧ |
| ૪૧ | ધારાબેન આઈ .કાલરીયા | ઝુપડા પ્રાથમિક શાળા,ચોટીલા | ૯૪૨૮૩૪૪૦૮૭ |
| ૪૨ | નીલેશભાઈ જી .ગજ્જર | નળિયા પ્રાથમિક શાળા,મુળી | ૯૯૮૧૯૬૫૨૬૧ |
| ૪૩ | નીતિનભાઈ એ.પરમાર | કન્યાશાળા - નાગનેશ ,ચુડા . | ૯૯૭૯૮૭૨૮૧૪ |
| ૪૪ | અલ્પાબેન પી .સિંધવ | કાનપુર પ્રાથમિક શાળા,સાયલા | ૮૭૫૮૮૦૧૧૧૦ |
| ૪૫ | વિજયભાઈ જી .સોલંકી | ફૂલગ્રામ પ્રાથમિક શાળા,વઢવાણ | ૯૯૨૫૯૯૯૦૮૮ |
| ૪૬ | જયસુખભાઈ જે.જોધાણી | ચામુંડાનગર પ્રાથમિક શાળા,ચોટીલા | ૯૮૨૫૫૭૯૨૫૪ |
| ૪૭ | ઘનશ્યામભાઈ એમ.સોલંકી | ટોકરાળા પ્રાથમિક શાળા,લીમડી | ૯૦૩૩૭૬૧૮૪૦ |
| ૪૮ | રણજીતસિંહ જે.રાઠોડ | વેળાવદર પ્રાથમિક શાળા,વઢવાણ | ૯૮૨૫૭૬૬૩૪૯ |
| ૪૯ | નિશાબેન એસ.ભટ્ટ | ઝીંઝુડા પ્રાથમિક શાળા,ચોટીલા | ૯૮૨૫૪૬૪૭૪૨ |
| ૫૦ | જીવણભાઈ બી.વાઘેલા | શિયાણી પ્રાથમિક શાળા-૩ ,લીમડી. | |



Scanned with OKEN Scanner

| | | |
|---|---|---|
| **ઇનોવેશનનું નામ** | :- | શાળાનું ભાવાવરણ - વૃક્ષો થકી |
| **શિક્ષકશ્રીનું નામ** | :- | શ્રી પ્રવીણકુમાર વી. અમ્બારીયા |
| **મોબઈલ નંબર** | :- | 98 797 84033 |
| **E mail address** | :- | pvambariya1945@gmail.com |
| **શાળાનું નામ** | :- | શ્રી રાજપર પ્રાથમિક શાળા, તા. ધ્રાંગધ્રા |



**હેતુઓ** :- વિદ્યાર્થીઓને શાળામાં રહેવું ગમે તેવું મનમોહક રમણીય વાતાવરણનું નિર્માણ

**સાધન સામગ્રી** :- બાગાયતીકામ માટે ઉપયોગમાં આવી શકે તેવા ઓજારો જેવા કે ત્રિકમ, પાવડો, કોદાળી, બકડિયા તથા ખાતર વગેરે.

**કાર્ય પદ્ધતિ:-**

સૌ પ્રથમ ૬ થી ૮ ના બાળકોની સાથે વૃક્ષોના મહત્વ અને શાળામાં વૃક્ષોની જરૂરિયાત વિષે ચર્ચા કરી. વૃક્ષારોપણ માટે બાળકોને પ્રોત્સાહિત કરી તેનું આયોજન કર્યું.

વન વિભાગના કર્મચારી સાથે વૃક્ષારોપણની વાત કરી. શાળામાં તથા ગામમાં પણ વૃક્ષોના રોપાનું વિતરણ થાય તે માટેનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. બાળકો તથા શિક્ષકોના સહકાર થકી વૃક્ષારોપણ માટેની પૂર્વતૈયારી જેવીકે જમીન સમતલ કરવામાં આવી. ખાડા કર્યા તથા ઇંટો દ્વારા રક્ષણ માટે દીવાલ કરી.નિયત કરેલ સમયે બાળકો તથા શિક્ષકો વનવિભાગના કર્મચારીઓના સહિયારા પ્રયત્નથી ૨૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર શાળામાં કરવામાં આવ્યું. ૩૦૦ જેટલા રોપા બાળકોને ઘેર વાવવા માટે આપ્યા. દરેક વૃક્ષને ઉછેરવાની જવાબદારી માટે એક ભાઈ અને એક બહેનને વૃક્ષ દત્તક આપવામાં આવ્યા. જેથી વૃક્ષારોપણ તથા તેની જાળવણીની સાથે સાથે જેન્ડર બાયસને પણ દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

પીવાના પાણીની ટાંકીના વેડફતા પાણીને આ વૃક્ષોના સીંચનમાં ઉપયોગી બનાવ્યું. વેસ્ટ પાણીનો સદુપયોગ કર્યો.

બાળકોના ઉત્સાહ તથા અથાગ મહેનત થકી આજે અગાઉની વૃક્ષો વગરની શાળામાં ૧૨૫ થી વધારે નાના મોટા વૃક્ષો શાળાની શોભામાં અભિવૃદ્ધિ કરી શાળાના વાતાવરણને રમણીય બનાવી રહ્યું છે.

**ઉપયોગીતા:-**

- શાળાના ભાવાવારણમાં મનમોહક રમણીય વાતાવરણનું નિર્માણ થયું.
- બાળકોનો વૃક્ષો પ્રત્યેનો લગાવ વધ્યો અને વૃક્ષપ્રેમી બન્યા.
- વિશ્રાંતિ સમયમાં બાળકોને મેદાનમાં ગમે તેવું વાતાવરણનું સર્જન થયું.
- વૃક્ષોના મહત્વને બાળકો જાણતા થયા. વૃક્ષોના ઔષધીય ઉપચારો- ઉપયોગિતાથી માહિતગાર થઈ જરૂર પડ્યે પોતે અથવા પોતાના કુટુંબના સદસ્યો માટે ઉપયોગ કરતા થયા.
- વિવિધ વિષય શિક્ષકો અધ્યયન સમયે પ્રવૃત્તિ સાથે યોગ્ય એકમ સાથે અનુબંધ સાધી સંસાધન તરીકે આ વૃક્ષોનો ઉપયોગ કરતા થયા.
- નકામાં પાણીનો સદુપયોગ કઈ રીતે કરી શકાય તેનું જ્ઞાન વિદ્યાર્થીઓએ મેળવ્યું.
- બાળકોએ પોતે વાવેલા વૃક્ષોની માવજત તથા જાળવણી કરતા થયા.



Scanned with OKEN Scanner

| | | |
|---|---|---|
| ઇનોવેશનનું નામ | :- | વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ |
| શિક્ષકનું નામ | :- | અશોકભાઇ એન.. પરમાર |
| મો. નં. | :- | ૯૪૦૮૧૭૦૬૭૪ |
| શાળા નું નામ | :- | શ્રી કટારીયા પ્રાથમિક શાળા, તા:- લીંબડી, જિ. સુરેંદ્રનગર |



| | | |
|---|---|---|
| હેતુઓ | :- | ૧.બાળકોમાં રહેલી વિવિધ સર્જનાત્મક શક્તિઓ અને કલા કૌશલ્યોનો વિકાસ થાય. |
| | | ૨. શાળામાં અનિયમિત રહેતા બાળકો શળામાં રસ લેતા થાય. |
| સાધન સામગ્રી | :- | કાર્ડ શીટ, ગુંદર, પેન, પેન્સિલ, સ્કેચપેન, લાકડાનો છોલ, રેતી વગેરે. |

કાર્ય પધ્ધતી :-

સૌ પ્રથમ બાળકોને કાર્ડ શીટ આપી તેમને પસંદ હોય તેવી વિવિધ ડિઝાઇનો અને આકૃતીઓ દોરવા જણાવવું. ત્યાર બાદ દોરેલ ડિઝાઇન અથવા આકૃતિમાં ગુંદર લગાવવો અને તેના પર લાકડાનો છોલ અથવા રેતીનો છંટકાવ કરવો આથી ગુંદર લગાડેલ જગ્યાઓ તે ચોટી જશે ડિઝાઇન અથવા આકૃતિ સુંદર રીતે ઉપસી આવશે.

ઉપયોગિતા પરિણામ :-

આ રીતની વિવિધ સર્જનાત્મક પ્રવૃતિઓ દ્વારા બાળકોમાં વિવિધ કલા કૌશલ્યોનો વિકાસ થતો જોવા મળ્યો. સતત અનિયમિત રહેતા બાળકો પણ શાળામાં રસ લેતા થયાઅને અનિયમિતતાનું પ્રમાણ ઘટતુ જોવા મળ્યું.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ :- ચાલો વાંચતા શીખીએ



શિક્ષકશ્રી નું નામ :- બળવંતભાઈ ગોરધનભાઈ કાલીયા

સંપર્ક નંબર :- ૭૪૦૫૪૬૫૮૭૫

ઈ મેઈલ :- balvant.kaliya8@gmail.com

શાળાનું નામ :- વીર શહીદ ડી.ડી ચૌહાણ પે સેન્ટર શાળા,ટીકર ( પરમાર ) તા.મુળી જિ.સુરેન્દ્રનગર

હેતુઓ :-

- બાળકોને ચિત્રોની મદદથી ઝડપથી અને સરળતાથી વાંચતા શીખવી શકાય.
- શાળામાંઅનિયમિતબાળકોની વાચન ક્ષમતામાં ઝડપથી વધારોકરી તેમને મેઈન સ્ટ્રીમ સાથે જોડી શકાય છે.
- હોશિયારબાળકોમાટેપૂરકવાચનસામગ્રીનીપૂર્તતાકરીશકાય.

સાધન સામગ્રી :-

- પગલું૧થી૧૦સુધીનાચિત્રો,શબ્દોનાકાર્ડ.
- માત્રાઓનીનિશાનીનેધ્યાનમાંરાખીબનાવેલકાર્ડ.
- વાંચન વિકાસ માટેના કાર્ડ.

કાર્ય પદ્ધતિ :-

- વિદ્યાર્થીઓને ક્રમશઃ પગલું 1 થી 10 ના કાર્ડ વાંચવા માટે આપવા. જે પગલું આવડી જાય તેની નોંધ પ્રગતિ રજીસ્ટરમાં કરવી.
- નિશાની ઓળખવામાં ભૂલ કરતા હોય તેવા વિદ્યાર્થીઓને માત્રાની નિશાની વાળા કાર્ડ આપવા.
- વાંચન વિકાસના કાર્ડની મદદથી પુરક વાંચનનો મહાવરો કરાવવો.

ઉપયોગીતા :-

- વિદ્યાર્થીઓમાંવાચનપ્રત્યેનોરસવધ્યોછે.
- ચિત્રોનીમદદથીઝડપથીઅનેસરળતાથીવાંચતાશીખેછે.વાંચેલુંવધારેદ્રઢથયું છે.
- શાળામાંઅનિયમિતબાળકો,સ્લોલર્નરબાળકોનેવાંચતાશીખવવાઆકાર્ડખૂબઉપયોગીબન્યાછે.
- વિદ્યાર્થીઓનાશબ્દભંડોળમાંનોંધપાત્રવૃદ્ધિથઇછે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ :- કુદરતી સોત (પાણી) નો સંગ્રહ (ભૂગર્ભ જળ સંચય)

શિક્ષકશ્રીનું નામ :- ભગોરા નિલેશભાઇ કાંતિભાઇ

સંપર્ક નંબર :- ૯૪૨૭૦૮૮૦૧૧, ૯૫૧૦૫૫૫૫૪૫

ઇમેલ આઇડી :- nil.bhagora@gmail.com

શાળાનુ નામ :- શ્રી નવાગામ પ્રા.શાળા(ચો), તા.ચોટીલા

હેતુ :- કુદરતી સોત (પાણી) નો સંગ્રહ (ભૂગર્ભ જળ સંચય)

સાધન સામગ્રી :- જરૂરિયાત મુજબ પીવીસી પાઇપ, વાલ્વ, ટી,એલ.જોઇન્ટ, સોલ્યુશન.



કાર્ય પધ્ધતિ :-

સૌ પ્રથમ ધાબાના પાણીના નિકાલ વાળા પીવીસી પાઇપ સાથે તેટલા જ માપનુ વાંકીયુ (L) લગાવી પીવીસી પાઇપનુ જોડાણ કરી તે પાઇપને નીચે ઉતારવો. જમીનથી ઉંચે પીવીસી પાઇપ અને મોટર પંપની લાઇનના માપનુ રેડ્યુસરથી જોડાણ કરો. રેડ્યુસરની અંદર અથવા તો તેના ઉપર ના ભાગે ગળણી રાખો. જેથી કોઇપણ પ્રકારનો કચરો મોટર પંપમા જાય નહી. તેનાથી થોડા નીચેના ભાગે એક વાલ્વ મૂકો. વાલ્વના ઉપરના ભાગે શરૂઆતના ગંદા પાણીના નિકાલ માટે ટી લાગાવી ૧૫ સેમી માપનો પાઇપ લગાવો. જેને આંટાવાળુ ઢાંકણ લગાવો. તેથી જરૂરિયાત મુજબ ખોલ બંધ કરી શકાય.

જે મોટર પંપની પાઇપલાઇન દ્વારા આપણે પાણી ભરીએ છીએ તે જ પાઇપલાઇન સાથે ધાબાના પાણીની લાઇન સાથે જોડાણ કરીને વરસાદી પાણીને સીધુ જ ભૂગર્ભમા સંગ્રહિત કરી શકાય. આમ કરવાથી બોરવેલનુ ધોવાણ થતુ નથીઅને મોટર પંપ મારફતે રોટરવાળા ભાગેથી પાણી ભૂગર્ભમા સંગ્રહિત થાય છે. આવી રીતે આપણે ભૂગર્ભ જળ સંચય કરીને તેનો ફરીથી ઉપયોગ કરી શકીએ છીએ.

ઉપયોગિતા :-

ઘર, શાળાઓ, કોલેજો,સરકારી કચેરીઓ વગેરે જગ્યાએ કરેલા બોરવેલમા કુદરતી સોતનો સંગ્રહ કરી, તેનો ઉપયોગ કરી શકયાઅને પાણીની સમસ્યાને નિવારી શકયા.

ઇનોવેશાનનું નામ :- મને ગમતું મારું પુસ્તકાલય

શિક્ષકશ્રીનું નામ :- શ્રી ભરતભાઈ નરશીભાઈ દેવૈયા

મોબઈલ નંબર :- 98 252 98797

E mail address :- bharatdevaiya51@gmail.com

શાળાનું નામ :- શ્રી કરણસિંહજી મિડલ સ્કુલ - ૩, લખતર

હેતુઓ :- વિદ્યાર્થીઓમાં પુસ્તક પ્રેમ જાગે અને વાંચન શોખ કેળવાય.

સાધન સામગ્રી :- પુસ્તકો, તિજોરી, ઇસ્યુ-બુક, માર્કર પેન, નોંધપોથી, બોલપેનો.



કાર્ય પદ્ધતિ:-

ત્રણેક વર્ષ પહેલા ભાષા શિક્ષક તરીકે આ શાળામાં આવ્યો ત્યારે બાળકો પુસ્તક વાંચનથી તદ્દન વિમુખ હતા. વળી પુસ્તકાલયના પુસ્તકો પણ અસ્ત-વ્યસ્ત પડ્યા હતા. આથી મારો પુસ્તકપ્રેમી આત્મા કઈંક નવસર્જન કરવા અધીરો બન્યો.

મેં બાળકોની મદદથી મારા "ભાષા ભવન"ના વર્ગમાં બે કાચની તિજોરીઓમાં સુંદર રીતે પુસ્તકોની ગોઠવણ કરી. દરેક પુસ્તકને અલગથી અનુક્રમ નંબર આપી સાઈઝ પ્રમાણે અને વિભાગ પ્રમાણે ગોઠવ્યા. કોઈ પણ પુસ્તક શોધવા માટે સુંદર પુસ્તક સૂચી પણ તૈયાર કરવામાં આવી. આ કાર્ય બારેક દિવસ ચાલ્યું. સુંદર સજાવટવાળું શાળા પુસ્તકાલય તૈયાર થયું. એ પણ બાળકોએ જાતે ગોઠવેલુ એનું નામ આપવામાં આવ્યું " ધર્મગંજ". તેની ગોઠવણી વખતે જ જાત જાતના અને ભાત ભાતના પુસ્તકો બાળકોના હાથમાંથી પસાર થયા, વળી ભાષાના એકમ ચલાવતી વખતે પણ હું વિવિધ સંદર્ભ પુસ્તકો બતાવતો અને વિવિધ વાર્તાઓ તથા વાતો કહીને જે તે પુસ્તક વાંચવા પ્રેરણા આપતો. આથી બાળકોમાં પુસ્તકો વાંચવાની તાલાવેલી જાગી. ધોરણવાર ઇસ્યુ બુક બનાવવામાં આવી દરેક ધોરણમાં "ધર્મગંજ"ના સંચાલન માટે પછાત વર્ગની બે - બે દીકરીઓ નક્કી કરવામાં આવી, જેથી ઊંચ-નીચના ભેદભાવો પણ દૂર થયા.

પીરીયડ પૂરો થાય ત્યારે શિક્ષક બદલાય તેના કરતા બાળકો વર્ગ બદલે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી જેથી ધોરણ ૬ થી ૮ ના તમામ બાળકો મારા "ભાષાભવન"ના વર્ગમાં આવતા થયા.પુસ્તકાલય જોઈ પ્રભાવિત થયા અને પુસ્તકો વાંચી પ્રકાશિત થયા.પ્રથમ વર્ષે જ કોઈએ વીસ તો કોઈએ ચાલીસ પુસ્તકોનું વાંચન કર્યું.

ઉપયોગિતા:-

- બાળકો હોંશે હોંશે પુસ્તકો વાંચતા થયા અને સંક્ષિપ્ત સાર પ્રાર્થના સભામાં રજૂ કરતા થયા.
- "મારી વિકાસ યાત્રા"નામે આજીવન નોંધપોથી નિભાવી તેમાં વાંચેલા પુસ્તકોનો સાર લખે છે.
- આ પ્રવૃત્તિના કારણે વાંચન અને લેખનમાં સુધારો તથા જ્ઞાનમાં વધારો થયો છે.
- બાળકો પુસ્તકપ્રેમી અને પુસ્તકોની કાળજી લેતા થયા.
- હાલ પણ શાળા પુસ્તકાલય "ધર્મગંજ" ખુબ જ સક્રિય છે.
- ૩૫૦૦ જેટલા પુસ્તકોનું સમગ્ર સંચાલન દીકરીઓ દ્વારા જ થાય છે. હું તો માત્ર માર્ગદર્શક જ હોઉં છું.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ :- અંગ્રેજી ભાષાનું રસપ્રદ શિક્ષણ



શિક્ષકશ્રીનું નામ :- રાઠોડ ભુરાભાઈ ધનાભાઈ

મોબઈલ નંબર :- ૯૮૭૯૦૭૪૬૪૦

E mail address :- bdr121210@gmail.com

શાળાનું નામ :- શ્રી વાવડી પ્રાથમિક શાળા, તા:- ચોટીલા, જિ. સુરેન્દ્રનગર

હેતુઓ :- શાળાનાં બાળકો અંગ્રેજી શિક્ષણ પ્રત્યે રસ કેળવેતથા બાળકોનાં મનમાંથી અંગ્રેજીનો ડર દૂર થાય.

સાધન સામગ્રી : -અંગ્રેજી ભાષા શિક્ષણ માટે ઉપયોગી થાય તેવી વિવિધ શબ્દ રમતો, તૈયાર કરેલ શબ્દ કાડ્ર્સ, અંગ્રેજી ભાષાની કવિતા, ગીતો, પ્રાર્થના વગેરે.

કાર્ય પદ્ધતિ :-

સૌ પ્રથમ બાળકોનાં મનમાંથી અંગ્રેજીનો ડર દૂર થાય તથા તેઓ રસપૂર્વક અંગ્રેજી શીખવા પ્રેરાય તે હેતુથી બાળકોના શોખ વિશે જાણીને જ્યાંથી પણ ઉપલબ્ધ હોય ત્યાંથી અંગ્રેજી ભાષાનાં ગીતો, કાવ્યો, પ્રાર્થના વગેરે એકત્ર કરીને બાળકોને સંભળાવ્યાં તથા અભિનય દ્વારા પણ બાળકો પાસે પ્રેક્ટિસ કરાવી. આ ગીતોમાં બાળકોને ખૂબ જ રસ પડવા લાગ્યો તેથી વધુ ગીતો યુ-ટ્યુબ જેવા ઇન્ટરનેટના માધ્યમથી ડાઉનલોડ કર ને બાળકોને વારંવાર સંભળાવ્યા તથા તેનું પુનરાવર્તન તેઓ પાસે કરાવ્યું. સાંજે ૪-૩૦ કલાકે ધોરણ ૬ થી ૮ ના તમામ બાળકોને એકજ વર્ગમાં ભેગા કરીને ૪:૩૦ થી ૫:૦૦ વાગ્યા સુધી આ ગીતો રોજ ગાવામાં આવે છે. બાળકોને ખૂબ રસ પડવાથી આજે ધોરણ ૬ થી ૮ ના તમામ બાળકો ૧૪ જેટલાં અંગ્રેજી ગીતો - કવિતાઓ – પ્રાર્થનાઓ વગેરે મૌખિક રીતે ગાઇ શકે છે.

આ ઉપરાંત સપ્તાહમાં બે દિવસ આ બાળકો અંગ્રેજીની વિવિધ રમતો રમે છે. જેમાં Bingo, Run and Round તથા playing Cards નો ઉપયોગ કરીને વાક્યો બનાવવાની રમતનો સમાવેશ થાય છે.

Playing Cards નો ઉપયોગ કરીને બાળકો સરળ અને સાદાં વાક્યો જાતે બનાવી શકે છે. જયારે મેં આ કાડ્ર્સ બનાવ્યા. ત્યારે હું બાળકો માટે બ્લેકબોર્ડમાં વાક્યો લખી દેતો તથા વિદ્યાર્થીઓને અને વાક્યોને નંબર આપી દેતો. વારંવારના પ્રયત્નોથી આ બાળકો હવે જાતેજ અર્થપૂર્ણ વાક્યો બનાવીને પોતાની નોંધપોથીમાં નોંધ કરી શકે છે.

ઉપયોગિતા ( પરિણામ ) :-

આ પ્રવૃત્તિ વર્ગખંડમાં કરવાથી બાળકોના મનમાંથી અંગ્રેજીનો ડર દૂર થયો છે. બાળકો રસપૂર્વક અંગ્રેજી ભણે છે. ઘણા બાળકો ખૂબ જ સારી રીતે અર્થપૂર્ણ વાક્યો બનાવીને તેની નોંધ રાખી શકે છે. અંગ્રેજી બાળકોનો પ્રિય વિષય બની ગયો છે.



Scanned with OKEN Scanner

| | | |
|---|---|---|
| **ઇનોવેશન** | :- | **સર્જનાત્મક પ્રવૃત્તિ ૩- ઓરીગામી** |
| **શિક્ષકનું નામ** | :- | **ડાભી જાદવભાઈ ભગવાનભાઈ** |
| **સંપર્ક નંબર** | :- | **૯૪૨૮૬૦૫૧૫૭** |
| **Email Address** | :- | **2012@ .** |
| **શાળાનું નામ** | :- | **શ્રી સોનઠા પ્રાથમિક શાળા, તા.ચુડા, જિ.સુરેન્દ્રનગર.** |



**હેતુઓ :**

- ❖ બાળકોમાં રહેલી સર્જનાત્મક શક્તિઓનો વિકાસ કરવો.
- ❖ બાળકોમાં રહેલી સંગ્રહવૃત્તિને પ્રોત્સાહન આપવું.
- ❖ માંથી વસ્તુ બનાવવી.

**સાધન સામગ્રી:-**

રંગીન કાગળો, ફેવિકોલ, કાતર, માપપટ્ટી.

**કાર્ય પદ્ધતિ :-**

સૌ પ્રથમ બાળકોને પાંચ પાંચ વિદ્યાર્થીઓના ગ્રુપમાં બેસાડ્યા. દરેક બાળકોના ગ્રુપને નકામા કાગળના ટુકડાઓ આપ્યા. ત્યારબાદ બાળકોને ૧૦ x ૫ સે.મી.ના ટુકડાઓ કેવી રીતે કાપવા તે શીખવ્યું. તેમ જ ૧૦ x ૫ સે.મીના એક કાગળના ટુકડામાંથી એક પીસ ગડી વાળી બનાવતા શીખવ્યું. તેમ જ બાળકોને તેની ગડી કેવી રીતે વાળવી તે લાઇવ શીખવ્યું તેમજ ફોટોગ્રાફ અને વિડીયો દ્વારા શીખવ્યું. બાળકોએ ટુકડા તૈયાર કર્યા અને તેમાંથી હંસ બનાવવાનું શરુ કર્યું. જેમ જેમ નમૂના બનાવતા ગયા તેમ તેમ તેઓની સર્જનાત્મક શક્તિનો વિકાસ થતો ગયો અને પછી બાળકો જાત જાતના નમૂના જાતે બનાવતા થયા.

**ઉપયોગીતા :-**

- ❖ બાળકોમાં રહેલી સર્જનાત્મક શક્તિઓનો વિકાસ થયો છે.
- ❖ બાળકો માંથી વસ્તુ બનાવતાં થયા છે.
- ❖ વિવિધ વિષયોના સંલગ્ન વિવિધ મોડેલ બનાવતા થયા છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ :- સંખ્યાજ્ઞાન યાદ રાખવાની યુક્તિ

શિક્ષકશ્રીનું નામ :- ડેડાસણીયા મગનલાલ જીવરાજભાઈ

સંપર્ક નંબર :- ૯૭૨૪૫૯૭૯૪૮

શાળાનું નામ :- શ્રી ડેરવાળા પે સેન્ટર શાળા તા. લખતર , જિ.સુરેન્દ્રનગર



હેતુઓ :-

- પલાખા પાકા કરાવવા.

સાધન સામગ્રી:-

- કાર્ડ, પેપર, વોટર કલર, પીંછી વગેરે.

કાર્ય પદ્ધતિ :-

- બાળકોને જયારે પલાખા પૂછવામાં આવે ત્યારે તેઓને એકમના અંકનો ખ્યાલ હોય છે. પરંતુ દશકના અંકમાં બોલવામાં ભૂલ કરે છે તેથી દશકનો અંક સહેલાઈથી યાદ રાખવા માટે આ પદ્ધતિ સરળ રહે છે.
- સંખ્યાનીપાછળ 'બે' બોલતા હોય તો અગિયારની લાઈન
- સંખ્યાનીપાછળ 'વીસ' બોલતા હોય તો એકવીસની લાઈન
- સંખ્યાનીપાછળ 'ત્રીસ' બોલતા હોય તો એકત્રીસની લાઈન
- સંખ્યાની પાછળ 'લીસ' બોલતા હોય તો એકતાલીસની લાઈન
- સંખ્યાનીપાછળ 'વન' બોલતા હોય તો એકાવનની લાઈન
- સંખ્યાનીપાછળ 'સઠ' બોલતા હોય તો એકસઠની લાઈન
- સંખ્યાનીપાછળ 'તેર' બોલતા હોય તો ઈકોતેરની લાઈન
- સંખ્યાનીપાછળ 'શી' બોલતા હોય તો એક્યાશીની લાઈન
- સંખ્યાનીપાછળ 'ણું' બોલતા હોય તો એકાણુંની લાઈન

ઉપયોગિતા :-

- બાળકોમાં આત્મવિશ્વાસનો વધારો થયો.
- સંખ્યાજ્ઞાન સરળતાથી યાદ રાખી શકે છે.
- પલાખા સરળતાથી બોલી શકે છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ : -0-શૂન્યમાંથી બાળકને સરળતાથી અંકજ્ઞાન શીખવવું




શિક્ષકશ્રીનું નામ :- શ્રી દિનેશકુમાર રાજાભાઈ રાઠોડ (સાવન)

મોબઈલ નંબર :- 87 580 05800

E mail address :- dinesh8758005800@gmai.com

શાળાનું નામ :- શ્રી ચમારજ પગાર કેન્દ્ર શાળા તા. વઢવાણ


હેતુઓ :- ધોરણ 1 ના બાળકો 1 થી 10 અંકો સરળતાથી સમજે

સાધન સામગ્રી :- સાદા કાગળ, રંગીન પેન, કા.પા. અને ચોક.

કાર્ય પદ્ધતિ:-

કા.પા. કાર્ય અથવા સાદા કાગળ દ્વારા

ઉપયોગિતા:-

- અંકજ્ઞાનની સમજ
- અંકજ્ઞાન સરળતાથી લખવાનો મહાવરો થાય છે.
- મરોડદાર અક્ષરો કરી શકે છે.
- ચિત્રકામમાં રસ રૂચી પેદા થઇ છે.
- બાળકોના હસ્ત કૌશલ્યનો વિકાસ થયો છે.

પરિણામ :-

બાળક પહેલા ધોરણમાં સરળતાથી અને સહેલાઈથી અંક જ્ઞાન ઝડપથી શીખે છે અને આ પ્રવૃત્તિ હાલમાં ચાલુ છે. પ્રાર્થનાખંડમાં ધોરણ 1 થી 8 ના તમામ બાળકોને આ પ્રવૃત્તિનો લાભ મળે છે. જેના પરિણામે બાળકો આજે સહેલાઈથી અંકો અને ચિત્રો દોરી શકે છે.



Scanned with OKEN Scanner



ઇનોવેશનનું નામ :- વિજ્ઞાનના પ્રયોગો અને જાદુ


શિક્ષકશ્રીનું નામ :- શ્રી ડૉ. દીપકકુમાર રતિલાલ મહેતા

મોબઈલ નંબર :- 98 987 31936

E mall address :- Jeparschool.blogspot.com

શાળાનું નામ :- શ્રી જેપર પ્રાથમિક શાળા, તા. ચુડા


હેતુઓ :-

(1) ગણિત અને વિજ્ઞાનમાં રસ પેદા થાય

(2) વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસે

(3) અંધશ્રદ્ધા દૂર થાય

(૪) વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવતા શીખે

(૫) પર્યાવરણ દુષિત ન થાય તેની જાગૃતિ કેળવે

સાધન સામગ્રી :- વેસ્ટ પ્લાસ્ટીકની વસ્તુઓ, કાગળ, દવાખાનાની વેસ્ટ વસ્તુઓ, કાર્ડશીટ, વેસ્ટ લોખંડ, વેસ્ટ વાયર, પાવર, તાંબુ, ઊનના દોરા, સાવરણાની સળી, વગેરે

કાર્ય પદ્ધતિ :-

વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રયોગો બાળકોને સમજાવવા માટે પર્યાવરણમાંથી સ્થાનિક કક્ષાએ વેસ્ટ વસ્તુઓને ભેગી કરી તેમાંથી નવા નવા પ્રયોગો બતાવી, બાળકોએ વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓનું નિર્માણ કરેલ છે. વિજ્ઞાનના પ્રયોગો, જાદુઓ, ઈન્ટરનેટ, પુસ્તકો અને વિવિધ પ્રદર્શનો દ્વારા આ તમામ વસ્તુઓ તૈયાર કરવામાં આવેલ છે.

ઉપયોગિતા :-

તાજેતરમાં સુરેન્દ્રનગર જીલ્લાના ચાર તાલુકાની આઠ શાળાઓમાં મોબાઈલવાન દ્વારા ગણિત વિજ્ઞાન પ્રયોગ નિદર્શન કરવામાં આવેલ. આ તમામ શાળાઓના બાળકોને અને શિક્ષકોને આ નિદર્શન થકી ગણિત વિજ્ઞાનનું જનરલ નોલેજ પ્રાપ્ત થયેલ છે.સાથે સાથે પર્યાવરણને હાની કરતા પદાર્થોનો ઉપયોગ કરીને તૈયાર કરેલ મોડેલ થકી બાળકો જાતે ઘેર સર્જનાત્મક રીતે આવા મોડેલો તૈયાર કરતા થયા છે અને સમાજમાં રહેલી અંધશ્રદ્ધા દૂર થાય અને લોકો જાગૃત થાય તેવા જાદુ બતાવી લોકજાગૃતિ લાવવાનો પ્રયત્ન કરે છે. આ જાદુ પાછળ શું વિજ્ઞાન છુપાયેલું છે તેનાથી બાળકો અને સમાજ અવગત થયા છે.

વિશેષમાં આ તમામ વસ્તુઓ ખર્ચ વગર કે નહીવત ખર્ચથી તૈયાર થતી હોવાથી અને ગ્રામ્ય કક્ષાએ પર્યાવરણમાંથી સરળતાથી ઉપલબ્ધ હોય છે જેથી શિક્ષકો અને બાળકો જાતે સરળ રીતે તૈયાર કરી શકે છે જેથી આપણો મુખ્ય હેતુ સિદ્ધ થાય છે.ગણિત અને વિજ્ઞાન ટેકનોલોજી વિષયના એકમોને આવા મોડેલો દ્વારા વધુ સરળ બનાવવા ઉપયોગી થાય છે.આ પ્રયોગો થકી બાળકો વિજ્ઞાનનો સિદ્ધાંત અને નિયમો જાતે શોધી અને સમજતા થયા છે.




Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ :-All's ell hat nds ell



શિક્ષકશ્રીનું નામ :- ડૉ ગોપીબેન એચ.શાહ

સંપર્ક નંબર :-૯૪૨૯૦૫૧૫૬૧

શાળાનું નામ :-શ્રી ભડિયાદ પ્રા.શાળા, તા.વઢવાણ, જિ.સુરેન્દ્રનગર

હેતુઓ :-

- ❖ ગામનાલોકોનેઅકસ્માતથીબચાવવા.
- ❖ બાળકો દીવાલ ચણતા શીખે.
- ❖ દીવાલ બનાવવા માટેની વ્યવહારુ ગાણિતિક સમજ મેળવે.
- ❖ સમસ્યાનું સમાધાન કરવાની આવડત વિકસે .
- ❖ જૂથમાં કાર્ય કરતા થાય તેમજ સર્જનાત્મક વલણની ખીલવણી થાય.

સાધન સામગ્રી:-રેતી,સિમેન્ટ,બકડિયા,પાવડા,ત્રિકમ,બેલા,મિલર,લારી,લેલું,દોરી,કલર,પીંછી,પાણી વગેરે.

કાર્યપદ્ધતિ:- શ્રી ભડિયાદ પ્રાથમિક શાળા ના મુખ્ય દરવાજાની બહાર જમણી બાજુએ ગામનો કૂવો આવેલ છે.કૂવા ઉપરનું ઢાંકણ જયારે પાણીની અછત હતી ત્યારે તોડી નાંખવામાં આવેલ,જેથી કૂવો ખૂલ્લો હતો,પણ હાલ હવે નર્મદાના નીર ભડિયાદ સુધી પહોચતા કૂવો છલોછલ ભરેલો રહે છે. એકવાર રીસેસ દરમ્યાન એક વિદ્યાર્થી કૂવામાંથી પાણીની બોટલ ભરવા ગયો અને કૂવામાં પડતા પડતા બચી ગયો.આ દ્રશ્ય ગામના વડીલોએ જોયું અને શાળામાંઆવીને કહ્યું. જેની જાણ શાળા પરીવારને થતા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ કૂવા આગળ દીવાલ બનાવવાનું નક્કી કર્યું.ખર્ચ ઘણો હતો પણ અમારામાં સમસ્યાનું કાયમી સમાધાન કરવાની તમન્ના હતી. આ કામ માટે કુલ ૯૦૦૦/-રૂપિયા અને જરૂરી બધાજ સાધનો ગામ લોકોએ પૂરા પાડ્યા. અમે દીવાલની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ કેટલી રાખવી, કેટલા મટીરીયલની જરૂર પડશે તેનું એસ્ટીમેટ કાઢ્યું. બાળકોએજ કૂવાની આજુબાજુની જગ્યાની સફાઈ કરી અને પાયો ખોદવાનું કામ શરૂ કર્યું.બેલા અને રેતી લાવવા-લઇ જવા માટે મળેલી તૂટેલીલારીને રીપેર કરી તેના ઉપયોગથી દીવાલ તૈયાર કરી.લોકોને પાણી ભરવાની મુશ્કેલી ના પડે તે માટે જુદો રસ્તો બનાવ્યો, દીવાલ પર કલર કર્યો, બ્લેક બોર્ડ બનાવ્યું અને આજે શાળાના કોઈ પણ સમાચાર તેના પર લખાય છે. વિદ્યાર્થીઓએ કરેલા આ કાર્યને રીવર સાઈટ સ્કૂલ-અમદાવાદ,સર્વ શિક્ષા અભિયાન સુરેન્દ્રનગરે નોંધ લીધી અને અમારી શાળામાં ડીઝની પ્લે સેન્ટર બનાવી આપ્યું.પ્રત્યેક વિદ્યાર્થી હવે કહે છે I CAN .

નિષ્કર્ષ :-

- ❖ બાળકોની શકિત,સામર્થ્ય અને ક્ષમતાને સર્જનાત્મકતા તરફ લઇ જઈ શક્યા.
- ❖ જૂથમાં કામ કરવાની ટેવ વિકસી. વિદ્યાર્થીઓ કડીયાકામ,કલરકામ જેવા કૌશલ્યો કેળવી શક્યા.
- ❖ લંબાઈ,પહોળાઈ,ઊંચાઈ જેવા ગાણિતિક વિષયોનો વ્યવહારુ ઉપયોગ કરતા શીખ્યા.
- ❖ માપ સાઈઝના આધારે ચોક્કસ ગણતરી કરતા થયા.
- ❖ આ પ્રોજેક્ટથી અમારી આ શ્રમયજ્ઞની ગાથા ને '2012 World Top Twenty Stories' અને '2012 India's Top Five Stories' માં ગૌરવપૂર્ણ સ્થાન મળ્યું જેનું અમને ગૌરવ છે.



Scanned with OKEN Scanner



ઇનોવેશનનું નામ :- અંગ્રેજી શિક્ષણમાં કમ્પ્યુટરનો ઉપયોગ

શિક્ષકશ્રીનું નામ :- હરીશ ડી.પ્રજાપતિ

સંપર્ક નંબર :- ૯૮૨૫૫૫૮૦૭૭૭

શાળાનું નામ :-સડલા પ્રાથમિક શાળા, તા.પાટડી,જિ.સુરેન્દ્રનગર

હેતુઓ :-

- એકજ ધોરણના વર્ગોની સંખ્યા એકકરતા વધારે હોય ત્યારે સમય બચાવવો.
- ગેરહાજર રહેલ વિદ્યાર્થીને પણ આપેલ શિક્ષણકાર્યની જાણકારી મળી જાય તે સુનિશ્ચિત કરવું
- બાળકો કમ્પ્યુટર શિક્ષણથી પરિચિત થાય.

સાધન સામગ્રી :-

જે તે ધોરણની ટેક્સ્ટબૂક,કમ્પ્યુટર વિથ બીગ મોનીટર અથવા પ્રોજેક્ટર

કાર્ય પદ્ધતિ :-

સામાન્ય રીતે વર્ગમાં અંગ્રેજીના અપરિચિત શબ્દો આપણે કા.પા. પર લખાવતા હોઈએ છીએ.નિબંધ અથવા પેરેગ્રાફ પણ આપણે કા.પા. પર લખાવતા હોઈએ છીએ. મારે દસાડા કન્યાશાળા ખાતે જયારે ભાષા વિષયમાં અંગ્રેજીના શિક્ષક તરીકે કામ કરવાનું થયું ત્યારે મારી સામે એ મુશ્કેલી આવી કે દરેક ધોરણમાં અ અને બ એમ બે વર્ગ હતા. એક વર્ગમાં કરેલ કા.પા.કાર્ય બીજા વર્ગમાં પણ કરવાનું થતું અને ૩૫ મિનિટના પીરીયડમાં કામ ઓછું થતું. શાળામાં પહેલેથી જ કમ્પ્યુટર વિથ બીગ મોનીટરની સુવિધા ઉપલબ્ધ હતી. મેં એનો શિક્ષણકાર્ય માટે ઉપયોગ કરવાનું નક્કી કર્યું. ઘરે પહેલેથી જ હું જે તે એકમની સોફ્ટકોપી તૈયાર કરીને પેન ડ્રાઈવમાં લઇ જવા લાગ્યો અને મારું કામ તો સરળ થયું જ થયું, બાળકોને પણ આ પ્રકારથી ભણવાની મજા પડતી. ( વર્ડ, એક્સેલ અને પાવર પોઈન્ટ જરૂરિયાત મુજબ ઉપયોગ કરી શકાય. )

<u>ઉપયોગિતા :-</u>

- એક જ પ્રકારના કા.પા. કાર્યમાંથી મુક્તિ મેળવી.
- બનાવેલ સોફ્ટકોપી સ્ટોર કરી રાખી અને ફરી ગમે ત્યારે ઉપયોગમાં લઇ શકયા.
- ગેરહાજર રહેલ વિદ્યાર્થીને પણ આપેલ શિક્ષણકાર્યની સમજણ મળી જાય છે.
- બાળકો કમ્પ્યુટર શિક્ષણ પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવતા થયા છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ :- ભાષા સજ્જતા માટેની પ્રવૃત્તિઓ



શિક્ષકશ્રીનું નામ :- પટેલ જૈમિનીબેન માધવલાલ

મોબાઇલ નંબર :- ૮૧૫૫૮૨૦૯૬૧

શાળાનું નામ :- શ્રી કળમ પ્રાથમિક શાળા, તા – લખતર

હેતુ :- બાળકો દરેક પ્રવૃત્તિમાં સહભાગી થાય અને તેમનું ભાષા જ્ઞાન દ્રઢ બને.

સાધન સામગ્રી :- કાગળ, સ્કેચપેન, ફેવિકોલ, ફાઈલ, છાપાનું કટીંગ, જુના પૂંઠાનો ગલ્લો

કાર્ય પધ્ધતિ :-

- ❖ ભાષા સજ્જતા માટે દર મહિને એક વાર ભાષાને લગતી સ્પર્ધાઓ કરાવવામાં આવે છે. તેમાં કાવ્યગાન, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા અને રૂઢિપ્રયોગ-કહેવતોની સ્પર્ધાદ્વારા ત્રણ નંબર તારવવામાં આવે છે. અને ઈનામ વિતરણ કરવામાં આવે છે.
- ❖ બાળ અદાલત દર પંદર દિવસે કરાવવામાં આવે છે અને વ્યાકરણ કે બીજો કોઈપણ ભાષા માટેનો વિષય લઈ ચર્ચા કરવામાં આવે છે.
- ❖ પ્રાર્થનાસભામાં પણ વિદ્યાર્થી દ્વારા આત્મવિશ્વાસથી દિન વિશેષનો પરિચય તથા બાળવાર્તા, લોકગીત પણ રજૂ કરાવવામાં આવે છે.

લેખક પરિચય :- અઠવાડિયામાં એક્વાર લેખક, કવિની માહિતી આપી અને ફોટોગ્રાફ બતાવી તેનાથી પરિચિત કરવામાં આવે છે.

કાવ્ય ગાન :-બાળકોને જાતે કાવ્ય બનાવતાં શીખવાડવામાં આવે છે. જેથી બાળકો કાવ્ય સર્જન કરે છે.

શબ્દનો ગલ્લો :- જેના દ્વારા બાળક એક શબ્દ કાગળમાં લખીને દરરોજ ગલ્લામાં નાખી અલગ – અલગ શબ્દોથી પરિચિત થાય છે.

પરિણામ :-

- ❖ શાળામાં બાળકોનિયમિત થયા.
- ❖ વાચનની કચાશ દૂર થઈ.
- ❖ વર્ગમાં ઊભા થઈને બોલવા માટે અચકાતા બાળકો અત્યારે પ્રાર્થનાસભામાં આત્મવિશ્વાસપૂર્વક બોલતા થયા
- ❖ સ્પષ્ટ શબ્દોની જાણકારી મેળવતા થયા.
- ❖ સાંસ્કૃતિક અને અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લેતા થયા.
- ❖ શબ્દભંડોળ વધતાં મૌલિકતાનો વિકાસ થયો તેમજ કાવ્યગાન, કાવ્યના પ્રકાર જાણતા થયા.
- ❖ વ્યાકરણમાં રસ દાખવતા થયા.
- ❖ બાળવાર્તા ૨૦૦, નિબંધ ૨૦૦, સુવિચાર ૧૦૦૦, કહેવતો અને રૂઢિપ્રયોગો ૯૪૫, કાવ્યો ૪૪૫, અંગ્રેજી વિષયનાં અનુસંધાનમાં ૧૫૦૦ જેટલા છાપાનાં કટિંગ્સ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા એકત્રિત કરેલ ૧૦૦૦ જેટલા શબ્દો વગેરેના કારણે મારું ભાષા કોર્નર સમૃધ્ધ બન્યું છે.



Scanned with OKEN Scanner



ઇનોવેશનનું નામ :- ઇન્ટરનેટનો શિક્ષણમાં ઉપયોગ

શિક્ષકનું નામ :- જેતાવત મહિપાલસિંહ સજ્જનસિંહ

મો. નં. :- ૯૭૧૪૨૧૨૪૭૪

શાળાનું નામ :- શ્રી ટીડાણા પ્રાથમિક શાળા, તા- મુળી

હેતુ :-

- બાળકો ને શિક્ષણમાં રસ અને રુચિ કેળવાય
- બાળકો નાવિન્ય પૂર્ણ તથા વિવિધતા સભર જ્ઞાન મેળવે

કાર્ય પદ્ધતિ :-

- અમારી શાળા આમ તો વર્ષ ૨૦૦૭ થી ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે. આ સુવિધામાં વધારો કરી તેનો વધુ સારી તથા વ્યાપક રીતે તેનો ઉપયોગ કરી શકે તે હેતુથી શાળાને વાઇ ફાઇ કરવાનો વિચાર કરવામા આવ્યો.
- શાળાના બાળકોના જ્ઞાનમા વધારો થાય તથા તેઓ આજના આધુનિક યુગથી માહિતગાર થાય તે હેતુસર ગામના લોકોના સહયોગથી શાળામા વાઇ ફાઇ ની સુવિધા શરૂ કરવાનું આયોજન કરવામા આવ્યુ.
- જેમા ગામલોકોનો ખૂબજ સારો સહયોગ મળ્યો તથા અમારા આ વિચારને પ્રેમની પરબ પ્રોજેક્ટ-સાયલા દ્વારા પણ સહયોગ આપવામા આવ્યો.
- બાળકો રોજ સવારે નેટ ઉપરથી જુદા જુદા સમાચારપત્રોમાંથી સમાચાર મેળવી વાંચે તથા તેને પ્રાર્થના સભામા રજૂ કરે છે.
- લાયબ્રેરી સિવાયના પુસ્તકો પણ બાળકોને વાંચવા મળી રહે છે.
- શૈક્ષણિક બ્લૉગમાંથી શાળાને ઉપયોગી માહિતી મેળવી શિક્ષણમાં ઉપયોગ કરી શકાય છે.

ઉપયોગિતા :-

- બાળકો નિયમિત શાળાએ આવતા થયા.
- બાળકોમા શિક્ષણ પ્રત્યે રસ અને રુચિમા વધારો થયો.
- ગણિત વિજ્ઞાન જેવા કઠિન વિષયોને શિક્ષકો વધારે વ્યાપક રીતે સમજાવવામા સફળ થયા.
- ફ્રી સમયમાં બાળકો તથા શિક્ષકો રસપૂર્વક જ્ઞાનમા વધારો કરવા ઇન્ટરનેટનો ઉપયોગ કરવા લાગ્યા.
- શિક્ષણ વ્યાપક બન્યુ.



Scanned with OKEN Scanner

ઇનોવેશન નામ :- અંગ્રેજી સ્પેલિંગના ઉચ્ચાર અને અર્થ સરળતાથી શિખવવા



શિક્ષકનુ નામ :- શ્રી અશ્વિનકુમાર ભગવાનભાઇ પટેલ

સંપર્ક નંબર :- ૯૪૨૭૬ ૬૫૯૭૨

ઇમેલ આઇડી :- abpatel011@gmail.com

શાળાનુ નામ :- શ્રી ભરાડા પે સેન્ટર શાળા તા :- ધ્રાંગધ્રા

હેતુ :- અંગ્રેજી વિષય પ્રત્યે રસ જાળવી રાખવો

સાધન સામગ્રી :- સચિત્ર સ્પેલિંગ બુક

કાર્ય પધ્ધતિ :-

સવારે કલાસ શરુ થાય ત્યારે હાજરી પુરતી વખતે આપણે "જય ભારત " કે "જય હિંદ" જેવા ઉચ્ચાર બોલતા. હું આવા શબ્દો ન બોલાવતા અંગ્રેજી સ્પેલિંગનો ફક્ત "ઉચ્ચાર અને અર્થ" બોલાવતો.

સવારે હાજરી પુરતી વખતે દરરોજ એક સ્પેલિંગનો ઉચ્ચાર આપતો જેમ કે ચાલો મિત્રો આજનો સ્પેલિંગ "એપલ એટ્લે સફરજન" અને જેમ જેમ હું બાળકોના નામ બોલતો જાઉ તેમ તેમ શરૂઆત માં હું બોલુ તેમ બાળકો "એપલ એટ્લે સફરજન" બોલતા જાય. આમ આખો વર્ગ બોલતો જાય. આમ એક જ સ્પેલિંગનો ઉચ્ચાર અને અર્થ જેટલી કલાસની સંખ્યા તેટલી વાર બોલાય છે. જેથી અનાયાસે બાળક્ના મગજમાં "એપલ એટ્લે સફરજન"યાદ રહી જાય.. કેમ કે એક જ સ્પેલિંગ કલાસની સંખ્યા જેટલી વાર બોલાય અને તેનો વારો આવે ત્યારે તે પણ બોલે. જેથી એક રટણનું કામ થાય છે.

ઉપયોગિતા :-

જયારે બાળક ધોરણ-૪/૫ માં પહોચે ત્યારે તેની પાસે અંગ્રેજી સ્પેલિંગનુ " ઉચ્ચાર અર્થ" લગભગ ૪૦૦ થી વધુ ભંડોળ તેની પાસે હોય છે હવે તેને ફક્ત અંગ્રેજી "સ્પેલિંગ" જ પાકા કરવાના બાકી હોય છે.જેથી એક સાથે સ્પેલિંગ –ઉચ્ચાર- અર્થ એમ ત્રણ વસ્તુ એક સાથે શિખવાની ન થતા તેને અંગ્રેજી વિષય પ્રત્યે ઉદાસીનતા દાખવતો નથી અને આનંદ સાથે પોતાને આવડે છેતેવા આત્મવિશ્વાસથી વિષય સાથે જોડાયેલ રહે છે.



ઇનોવેશનનું નામ : ઘરગથ્થું સાધનો દ્વારા તૈયાર થયેલ કૃતિઓનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

શિક્ષકનું નામ : મીરા પ્રવિણચંદ્ર ચૌહાણ

મોબાઇલ નં : ૯૯૦૪૬૦૧૧૦૮

ઈ – મેઈલ : drgohil2212@gmail.com

શાળાનું નામ : શ્રી રાજપર કન્યા પે –પ્રાથમિક શાળા – મુ .રાજપર તાલુકો :વઢવાણ જી .સુરેન્દ્રનગર

ઇનોવેશન કાર્યક્રમના હેતુ :

- તમામ વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં કૃતિ રજુ કર્યાનો અનુભવ અને આનંદ આપવો.
- વિદ્યાર્થીઓનો ગાણિતિક રમતો દ્વારા ગણિત વિષયમાં રસ કેળવવો .
- વિદ્યાર્થીઓમાં ગણિતવિજ્ઞાન પ્રત્યે- હકારાત્મક વલણ કેળવાય તથા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ ખીલે.
- વિદ્યાર્થીઓ ગણિત અને વિજ્ઞાનના પાયાના ખ્યાલોની પ્રવૃત્તિ દ્વારા સમજૂતી મેળવે.

સાધન સામગ્રી :

ફુગ્ગા ,દોરી ,નકામો બલ્બ ,થર્મોકોલની શીટ ,પ્લાસ્ટીકના કપ ,પ્લાસ્ટિકની બોટલ ,પૂંઠા ,કાર્ડશીટ , મીણબતી ,સિક્કો વગેરે જેવી ઘરમાં ઉપલબ્ધ વસ્તુઓ .

ઇનોવેશન કાર્યક્રમનો ઉદભવ :

તાલુકા અને જીલ્લા કક્ષાએ યોજાતા ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં માત્ર તેજસ્વી તથા પસંદિત વિદ્યાર્થીઓને ભાગ લેવાની તક મળે છે .આ બાબતનો અસંતોષ અન્ય વિદ્યાથીઓને હોય છે, તેવું શિક્ષિકાબહેનને વિદ્યાર્થીઓની આપસની વાતચીત દરમિયાન જાણવા મળ્યું .

આમ ઇનોવેશન કાર્યક્રમનો મુખ્ય હેતુ શાળાના ૬ થી ૮ના તમામ વિદ્યાથીઓને કૃતિ નિદર્શનનો અનુભવ તથા આનંદ અપાવવાનો હતો .આ માટે વિવિધ સંદર્ભ પુસ્તકોમાંથી વિદ્યાર્થીઓની કક્ષા અને પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમને અનુરૂપ કૃતિઓ પસંદ કરવામાં આવી .એક વિદ્યાર્થીને એક કૃતિનું માર્ગદર્શન આપવામાં આવ્યું.

કાર્ય પદ્ધતિ :

તારીખ ૧૪/03/૨૦૧૩ના રોજ સવારના ૮.00 થી બપોરે ૧.00 વાગ્યા સુધી ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ગણિત અને વિજ્ઞાનની લગભગ ૬૦ જેટલી કૃતિઓ વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવી હતી .તમામ વિદ્યાર્થીઓ આ પ્રદર્શનમાં સહભાગી થયા હતા .તમામ વિદ્યાર્થીઓ પોતાને ફાળે આવેલી કૃતિઓની ઊંડાણપૂર્વક તથા ઉત્સાહથી સમજ આપતા હતા .

ફલશ્રુતિ :

- શાળાના તમામ વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં કૃતિ રજુ કર્યાનો અનુભવ અને આનંદ મળ્યો .
- વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાન વિષય પ્રવૃત્તિ દ્વારા શીખવામાં રસ પડે છે.
- વિદ્યાર્થીઓનો ગાણિતિક રમતો દ્વારા ગણિત વિષય શીખવામાં રસ પડે છે .
- વિદ્યાર્થીઓનું ગણિત અને વિજ્ઞાન પ્રત્યેનું હકારાત્મક વલણ કેળવાયુ છે.
- વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણની ખીલવણી થઇ છે.
- વિદ્યાર્થીઓગણિત અને વિજ્ઞાનના પાયાના ખ્યાલોની સમજુતી મેળવતા થયાં છે.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ :- Language bag of Teacher & Each student

શિક્ષકશ્રીનું નામ :- મેંઢા ધ્વનીબેન એ.

સંપર્ક નંબર :- ૯૪૦૮૮૮૯૮૨૬

Email Address :- dhvani.mendha@yahoo.com

શાળાનું નામ :- ફુકડા પ્રાથમિક શાળા તા. મુળી , જિ.સુરેન્દ્રનગર



હેતુઓ :-

- વિદ્યાર્થીઓની તોડફોડની આદતને રોકવાને બદલેતેનો યોગ્ય ઉપયોગ કરી west માંથી best બનાવી તેને એજ્યુકેશન મોલ્ડમાં ઢાળવું.
- વિદ્યાર્થીઓને રમતાં રમતાં, આનંદ કરતાં કરતાં ભાષા સજ્જતાની માહિતી રસ રુચી સાથે ગ્રહણ કરવાની તક મળે.
- વિદ્યાર્થીઓની મૌલિકતા વિકસે.
- વિદ્યાર્થીઓમાં માનવતાનું બીજ રોપાય.
- Language bag નો ઉપયોગ કરી પ્રવૃત્તિ અને પ્રોજેક્ટ્સ કરવાની તક મળે.

સાધન સામગ્રી :-

વિદ્યાર્થીઓની નોટબુકના નકામા પાના,પતંગની દોરી,કાર્ડશીટ,પેન,જૂની બુક્સમાંથી ફાડેલચિત્રો,વિદ્યાર્થીઓએ દોરેલ ચિત્રો,મોડેલ્સ ( animals,A,B,C,D...,Birds etc..)

કાર્ય પદ્ધતિ :-

વિદ્યાર્થીઓ પાસે જે નકામા કાગળ છે તેમાંથી સમાનાર્થી શબ્દો,વિરુધ્ધાર્થી શબ્દો,રૂઢિપ્રયોગોની ચિઠ્ઠીઓ બનાવે છે. તેઓ તેને કાગળમાંથી બનાવેલા પાકીટમાં મુકે છે. કાગળમાંથી બનાવેલ એક મોટી બેગમાં આ બધા પાકીટ મુકે છે.વિદ્યાર્થીઓ ફ્રી પિરીયડ માં તથા તેઓના ઘેર આ Language bag ની મદદથી સમાનાર્થી,વિરુધ્ધાર્થી શબ્દો, રૂઢિપ્રયોગોની જોડ બનાવી યાદ રાખે છે તથા તેના પરથી વાક્ય બનાવે છે.આ Language bagની મદદથી તેઓ રમત પણ રમે છે.આ રમતમાં તેઓ એકબીજાને સમાનાર્થી શબ્દો,વિરુધ્ધાર્થી શબ્દો,રૂઢિપ્રયોગો પૂછે છે અને તેના પરથી વાક્યો પણ બનાવે છે અને તેના માર્ક્સની નોંધ પણ રાખે છે.માત્ર હકાર વાક્યો જ નહી,નકારવાક્ય , પ્રશ્નાર્થ વાક્યો પણ બનાવે છે અને પોતાને મળતા પોઈન્ટની નોંધ રાખીને રમત આગળ ધપાવે છે.શબ્દ પરથી ચિત્રો બનાવે છે.ચિત્રો પરથી વાર્તા બનાવે છે.

ઉપયોગિતા :-

- વિદ્યાર્થીઓશૈક્ષણિકનિષ્ક્રિયતાછોડીમાહિતીને રસ રૂચી સાથે યાદ રાખતા થયા.
- વિદ્યાર્થીઓની મૌલિકતામાં વધારો થયા.
- શબ્દો પરથી ચિત્રો,વાર્તા બનાવતા થયા.
- વિદ્યાર્થીઓમાં સહકારની ભાવનાનો વિકાસ થયો.
- વિદ્યાર્થીઓમાં માનવતાનું બીજ રોપવાનું શરૂ થયું.



Scanned with OKEN Scanner



ઇનોવેશનનું નામ :- પપેટનો શિક્ષણમાં ઉપયોગ

શિક્ષકશ્રીનું નામ :- પંડ્યા ગૌતમ કુમાર મનસુખલાલ

સંપર્ક નંબર :- ૮૪૦૧૭૨૦૧૪૩,૮૧૪૦૮૪૪૫૨૬

શાળાનું નામ :- કન્યા શાળા ઝોબાળા, તા.ચુડા

હેતુઓ :-

- એકમને રસપ્રદ રીતે રજૂ કરવો
- શાળામાં ગેરહાજરીનું પ્રમાણ ઘટાડવું
- શાળામાં અનિયમિતતાનું પ્રમાણ ઘટાડવું
- ચોકસાઈ,આત્મીયતા,સહભાગીદારીતા જેવા ગુણોનો વિકાસ થાય

**સાધન સામગ્રી** :-થર્મોકોલ,જુનામોજા,રૂ,ફેવિકોલ,કાપડ,કાર્ડશીટ,કાતર,કટર,સોય,દોરા,ઊન,કલર,બ્રશ,કેનવાસ, બટન,ગુંદર, વગેરે.

કાર્ય પદ્ધતિ :-

જે એકમને પપેટ દ્વારા રજૂ કરવા માંગો છો એને લગતા પપેટનું નિર્માણ કરી અને એ એકમને લગતી એક સ્ક્રીપ્ટ સરળ ભાષામાં તૈયાર કરવી.એ એકમને વિદ્યાર્થી સમક્ષ સરસ અને સુંદર રીતે રજૂ કરી શકાય.આવી અલગ રીતે શીખવામાં બાળકોને મજા આવશે અને એ બાળક લાંબા સમય સુધી યાદ રાખશે.ધોરણ 1 થી ૫ નો કોઈપણ વિષય આ રીતે રજૂ કરી શકાય છે.

ઉપયોગીતા :-

- એકમને રસપ્રદ રીતે રજૂ કરી શકાય છે.
- આ દશ્ય શ્રાવ્ય પદ્ધતિ હોવાથી બાળકોને સરળતાથી યાદ રહે છે.
- શાળામાં નવીન કાર્યથી નવું વાતાવરણ ઊભું થાય છે.
- શાળામાં આવા પપેટ શો થી વિદ્યાર્થીઓની ગેરહાજરીનું પ્રમાણ ઘટાડી શકાયુ.
- શાળામાં મોડા આવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો કરી શક્યા.
- શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા અને સહ્ભાગીદારીતામાં વધારો થયો.



Scanned with OKEN Scanner



ઇનોવેશનનું નામ :- લોકભાગીદારી થકી શાળાનો વિકાસ

શિક્ષકશ્રીનું નામ :- શ્રી સાતુનીયા પ્રવિણચંદ્ર એન.

મોબઈલ નંબર :- 99 798 77118

E mail address :-

શાળાનું નામ :- શ્રી કારેલા પ્રાથમિક શાળા, તા. લખતર

હેતુઓ :- લોકભાગીદારી થકી શાળાનો વિકાસ કરવો

સાધન સામગ્રી :-

કાર્ય પદ્ધતિ :-

સને ૧૯૯૧ ની સાલમાં શ્રી કારેલા પ્રાથમિક શાળામાં હું હાજર થયો. શાળાની હાલત સાવ ખંડેર જેવી હતી. ગામ લોકો શાળાથી સાવ વિમુખ હતા શિક્ષણ સાવ કથળેલું હતું. લોકભાગીદારી ૦% હતી. પ્રથમ દિવસે ખૂબ જ દુ:ખ થયું. પરંતુ જરા પણ વિચલિત થયા વગર કઈક નવ સર્જન કરવાનું નક્કી કર્યું.

શરૂઆત લોક સંપર્કથી કરી જેનાથી ઘણી બધીવિગતો જાણવા મળી.અને એ દિશામાં કાર્યની શરૂઆત કરી. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી પ્રસંગે ગ્રામજનોને આમંત્રણ આપી શાળાભિમુખ કર્યા.ગ્રામજનો શાળાએ આવતા થયા. ફાળો આવવાની શરૂઆત થઇ. બાળકો માટે ભૌતિક સુવિધા પ્રાપ્ત થવા લાગી, દસ વર્ષની સઘન મહેનત, પુરુષાર્થ અને સ્વચ્છ વહીવટના પરિણામ સ્વરૂપ આજે વીસ વર્ષ બાદ ગામની ૧૦૦% લોકભાગીદારી થઇ. શિક્ષણનું સ્તર તથા ભૌતિક સુવિધાઓમાં સુધારાને કારણે આજે શાળા લખતર તાલુકાની શ્રેષ્ઠ શાળા બની છે.

પરિણામ :-

લોકભાગીદારીના ફળસ્વરૂપે શાળામાં આજે વોટર કૂલર, ફિલ્ટર, સરસ્વતિ મંદિર, સ્ટેજ ,લાઈટ, પંખા, બગીચો તથા અન્ય ઘણા પ્રકારની ભૌતિક સુવિધાઓ બાળકો માટે પ્રાપ્ત થઇ, જે મારા માટે ખૂબજ ગૌરવની વાત છે. મારું સ્વપ્ન સાકાર થયું. એટલે તો મેં મારી શાળાને "મારા સપનાની નિશાળ" એવું નામ આપ્યું છે.



Scanned with OKEN Scanner



ઇનોવેશન નામ :- પ્રવૃતિ દ્વારા ગુણવતાલક્ષી શિક્ષણ

શિક્ષકનુ નામ :- શ્રીમતિ રમાબેન કે. પાણકુટા

સંપર્ક નંબર :- ૯૫૧૦૦ ૫૦૦૯૨

શાળાનુ નામ – શ્રી પે સેન્ટર શાળા નંબર-૩. થાનગઢ જિલ્લો :- સુરેન્દ્રનગર

હેતુ - વિદ્યાર્થી પ્રવૃતિ દ્વારા ગુણવતાલક્ષી શિક્ષણ મેળવે.

સાધન સામગ્રી - T.L.M - ફાઇલ . CD

કાર્ય પધ્ધતિ -

ધોરણ-૧ માં આવતા બાળકો હર્ષભેર શાળાએ આવે તે માટે રમત ગમત , બાળગીત, વાર્તા, અને DVD-TV નો ઉપયોગ કરી શિક્ષણ આપ્યું. બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિને બહાર લાવવા જોડકણા-ક્વિઝ, વકતૃત્વ સ્પર્ધા, રમત ગમત, ચિત્રહરિફાઇ જેવી પ્રવૃતિઓનું આયોજન કરુ છું.વિદ્યાર્થીને પ્રવૃતિમય રાખવા તમામ બાળકોએ પોતાની પ્રવૃતિ ફાઇલ બનાવી છે.વર્ગ કાર્ય દરમિયાન જૂથ પધ્ધતિ દ્વારા બાળકને ઓળખી તે આગળ વધે તેવા પ્રયત્ન કરુ છું.તેજસ્વી વિદ્યાર્થી જીવનમાં ઉચ્ચકક્ષાએ પહોંચે તે માટે સતત પ્રવૃતિશીલ રાખીને તેને માર્ગદર્શન પુરુ પાડું છું.

ઉપયોગિતા -

ધોરણ-૪ માં ભણતા તમામ બાળકો વાંચી-લખી શકે છે.

પ્રવૃતિ દ્વારા શિક્ષણથી બાળકનો સર્વાંગીવિકાસ થયો છે.

શાળાના ઘણા બાળકો ઉચ્ચકક્ષાએ અભ્યાસ કરી રહ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૮ થી૧૦ બાળકો જવાહર નવોદય NMMS જેવી સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી શકયા.

ધોરણ-૩ માં ભણતો વિદ્યાર્થી ચિત્ર-સ્પર્ધામાં તાલુકામાં પ્રથમ અને જિલ્લામાં તૃતિય ક્રમ મેળવી શક્યો.

" આજનું શિક્ષણ, ગુણવતાલક્ષી શિક્ષણ"



Scanned with OKEN Scanner

ઇનોવેશન : મૂલ્યવર્તી શિક્ષણ

શિક્ષકનું નામ : શાહ ઋષભકુમાર બચુભાઈ

સંપર્ક નંબર : ૯૦૧૬૬૪૨૬૫૬

શાળાનું નામ : ચોરવીરા (થાન) પે.સેન્ટર પ્રાથમિક શાળા, તા.સાયલા

હેતુઓ : બાળકોમાં આદર્શ નાગરિક તરીકેના ગુણો વિકસાવવા.

સાધન સામગ્રી : કાર્ડ, ટોપી.



**કાર્ય પદ્ધતિ :**

આ શાળામાં હાજર થાય બાદ મેં જોયું કે બાળકો શાળાની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા નથી. બાળકો સ્વેચ્છાએ શાળાના દરેક કાર્યક્રમમાં ભાગ લે તે માટે મેં શાળામાં ધોરણ ૬ થી ૮ ના બધા બાળકોની મિટિંગ કરી, યોગ્ય આયોજન મુજબ વિડીયો કલીપ અને ફોટાઓની મદદથી સ્કાઉટ વિશેની માહિતી આપી. સ્કાઉટની અગત્યતા અને સ્કાઉટમાં કોણ જોડાઈ શકે તેની કાર્યપ્રણાલી સમજાવી આ પ્રવૃત્તિ દરમ્યાન ૩૪ જેટલા બાળકો જોડાયા. શરૂઆતમાં બાળકોને સાથે રાખી તેમને પહેલ કરવા સમજાવતો. સ્કાઉટના બાળકો પ્રાર્થનાસભાથી માંડી યોગ, નાટકોની સ્પર્ધા જેવા કાર્યક્રમોમાં સ્વેચ્છાએ જોડાતા. આ બાળકોને જોઈ અન્ય બાળકો પણ પ્રવૃત્તિમાં જોડાતા. હાલ શાળામાં સ્કાઉટમાં ધોરણ ૬ થી ૮ ના ૧૪૫ થી વધારે બાળકો જોડાયા છે.

**ઉપયોગીતા :**

સ્કાઉટને કારણે બાળકો વર્ગ સફાઈ અને શાળા સફાઈ સ્વેચ્છાએ કરતા થયા છે.

શાળામાં જેન્ડર બાયસ દૂર થયો છે.

બાળકોમાં પ્રામાણિકતા,નિષ્ઠા,મદદ કરવાની ભાવના અને ભાઈચારો જેવા ગુણો વિકસ્યા છે.

ઇનોવેશનનું નામ :- જાદુઈ ડગલો



શિક્ષકશ્રીનું નામ :- શ્રી કરશનભાઈ દેવજીભાઈ શાક્ય (કે.ડી.)

મોબઈલ નંબર :- 99 241 87321

E mail address :-

શાળાનું નામ :- શ્રી દોલતપર પ્રાથમિક શાળા, તા. લીંબડી

હેતુઓ :-બાળકને વર્ગખંડ સુધી લાવવું અને વિષયવસ્તુને રસિક અને સરળ બનાવવો.

સાધન સામગ્રી :- કમ્પ્યુટર,વેસ્ટ પત્તા, વેસ્ટ બેનર, વેલક્રો.

કાર્ય પદ્ધતી :-

શાળામાં મેં વેસ્ટ પત્તા અને વેસ્ટ બેનર દ્વારા ડગલો બનાવેલ છે. વેસ્ટ પત્તામાંથી દરેક વિષયના ૫૦૦૦ કરતા વધારે ફ્લેશ કાર્ડ બનાવેલ છે. તેના દ્વારા સમાનાર્થી/વિરૂદ્ધાર્થીના કાર્ડ દ્વારા શિક્ષણ આપી શકાય છે.

ઉપયોગિતા:-

આ ફ્લેશ કાર્ડ બાળકોને આપવા. દા.ત. ત્રણ ફ્લેશ કાર્ડ બતાવવા અને વચ્ચેનું ફ્લેશ કાર્ડ ખેંચવા કહેવું.જે વચ્ચેનું ફ્લેશ કાર્ડ નીકળશે તેનો જવાબ જાદુઈ ડગલામાંથી મળશે. દા.ત. પત્તુ-પંચુ,પત્તુ-દશો,પત્તુ-ગોલો ત્યારબાદ બાળકને કહો કે વચ્ચેનું ફ્લેશ કાર્ડ ખેંચીને જુઓ, વચ્ચેનું ફ્લેશ કાર્ડ પ્રકાશ નીકળશે. જે બાળકને કહેવાનું તે વાંચો, લખો અને તેના પહેલાના અક્ષર પરથી પાંચ શબ્દ બોલો. તે શબ્દનો ઉપયોગ કરીને પાંચ વાક્ય લખો. તેનો વિરૂદ્ધાર્થી, સમાનાર્થી લખો વગેરે

આમ પશુ, પક્ષી, પ્રાણી, ફળ, ફૂલ, શાકભાજી, વાહનો, વ્યાકરણ અને તમામ વિષયો વગેરે જાદુઈ ડગલો અને ફ્લેશ કાર્ડ દ્વારા શિક્ષણકાર્ય રમતા રમતા થાય છે અને બાળકો મારો વારો ફ્લેશ કાર્ડ ખેંચવાનો કયારે આવશે, તેની ઇંતેજારીમાં રહે છે.

પરિણામ :- વિદ્યાર્થીઓ .....

- વાંચતા થયા
- પલાખા મોઢે થયા
- શબ્દોની જોડ બનાવતા થયા
- અવલોકન શક્તિનો વિકાસ થયો
- જિજ્ઞાસાવૃત્તિનો વિકાસ થયો
- એકાગ્રતા વધી
- નિયમિત શાળાએ આવતા થયા
- સમૂહ ભાવના વિકસી
- જૂથ કાર્ય કરતા શીખ્યા.



Scanned with OKEN Scanner

ઇનોવેશનનું નામ :- ક્વીઝ દ્વારા જ્ઞાન



શિક્ષકશ્રીનું નામ :- શ્રી તુષારકુમાર એ. પંચાલ

મોબઈલ નંબર :- 99 798 77118

E mail address :-

શાળાનું નામ :- શ્રી ઉમાપુર પ્રાથમિક શાળા, તા. સાયલા

હેતુઓ :- બાળકોના જ્ઞાનમાં વધારો થાય અને જિજ્ઞાસાવૃત્તિ વધે .

સાધન સામગ્રી :-

કાર્ય પદ્ધતિ:-

